# પ્રસ્તાવના

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યના આર્થિક રીતે નબળા વર્ગના તથા અન્ય તેજસ્વી વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના આશયથી અનેકવિધ શિષ્યવૃત્તિઓ અંગેની યોજનાઓ હાથ ધરવામાં આવેલ છે. તેજસ્વી વિદ્યાર્થીઓને અભ્યાસમાં નાણાંના અભાવે રૂકાવટ ન આવે તેમજ તેમને અભ્યાસમાં ઉપયોગી થવાના હેતુથી આ શિષ્યવૃત્તિની યોજનાઓ શરૂ કરવામાં આવેલ છે. જુદા જુદા વિભાગો દ્વારા જુદા જુદા વર્ગોના લોકો માટેની અનેકવિધ યોજનાઓ અમલમાં હોવાના કારણે વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ આ યોજનાઓથી માહિતગાર નહિ હોવાનું અનુભવે જણાયું છે. આ ત્રુટિને દૂર કરવાના આશયથી **'શિષ્યવૃત્તિ માહિતી પુસ્તિકા'** પ્રકાશિત કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો તરફથી શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિઓ અંગે અવારનવાર વિવિધ પ્રકારની માહિતીલક્ષી પૃચ્છાઓ પણ કરવામાં આવતી હોય છે. આ યોજનાઓના વધુમાં વધુ પ્રચાર-પ્રસાર દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓ બહોળા પ્રમાણમાં લાભ લઈ શકશે તેવી અપેક્ષા છે.

આ માહિતી પુસ્તિકાના ઉપયોગથી વિદ્યાર્થીઓ/વાલીઓને શિષ્યવૃત્તિ માટેની અરજીઓ ક્યાં કરવી, ફોર્મ ક્યાંથી મળશે, ક્યાં જમા કરાવવું, તેની સમય-મર્યાદા, શિષ્યવૃત્તિ સહાયની રકમ, શૈક્ષણિક લાયકાત, વિશેષ માહિતી મેળવવા માટેની કચેરીઓના ફોન નંબર વગેરે બાબતોનો સમાવેશ તેમાં કરવામાં આવેલ છે. આમ છતાં, વધુ માહિતી અને જરૂરી માર્ગદર્શન માટે શિષ્યવૃત્તિ આપતી અને તેનું કાર્ય કરતી સંસ્થા પાસેથી વધુ માહિતી મેળવી શકાશે. આ સંસ્થા-એજન્સીઓના ફોન નંબર તથા સરનામું પણ દરેક યોજનાને અંતે આપવામાં આવેલ છે. આ **'શિષ્યવૃત્તિ માહિતી પુસ્તિકા'** સમાજના દરેક વર્ગને ખૂબજ ઉપયોગી પુરવાર થશે અને વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓનો બહોળા પ્રમાણમાં લાભ થશે તો અમારા માટે આનંદની વાત રહેશે. શિક્ષણ વિભાગ આ **'શિષ્યવૃત્તિની માહિતી પુસ્તિકા'**ને પ્રકાશિત કરતા આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

તા. નવેમ્બર 9, 2009

ડૉ. હસમુખ અઢિયા
(અગ્રસચિવ)
શિક્ષણ વિભાગ

•

# સંપાદકીય

ગુજરાત રાજ્યની સ્થાપનાના ૫૦ વર્ષને રાજ્ય સરકાર દ્વારા 'સ્વર્ણિમ જયંતી' વર્ષ તરીકે ઉજવવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. જેનાથી આપ સૌ વિદિત છો.

સને-૨૦૧૦ના સ્વર્ણિમ જયંતી વર્ષ નિમિત્તે રાજ્યના શિક્ષણ ક્ષેત્રે શિક્ષણ વિભાગ અને તે સિવાયના જુદા જુદા વિભાગો જેવા કે કમિશનર આદિજાતિની કચેરી, નિયામકશ્રી વિકસતી જાતિની કચેરી, નિયામકશ્રી અનુસૂચિત જાતિની કચેરીઓ દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિની માહિતી પુસ્તિકા પ્રકાશિત કરવાનો નિર્ણય રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ અને તે અંગેની સઘળી કામગીરી શિક્ષણ વિભાગનાં માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરના સહયોગથી આ પુસ્તિકા રાજ્યના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના હિતાર્થે સંપાદિત કરી પ્રસિદ્ધ કરવામાં આવતા આનંદ થાય છે. આ પુસ્તિકા શિષ્યવૃત્તિ અંગેની માહિતી આપતી શિક્ષણ સાથે સંકળાયેલ તમામને ઉપયોગી પુરવાર થવાની છે, આ પુસ્તિકામાં તમામ માહિતી સરળ અને સચોટ રીતે સંકલિત કરી રજૂ કરવામાં આવેલ છે. વાલીઓ, શિક્ષકો અને આચાર્યશ્રીએ પોતાની કક્ષાએથી આ પુસ્તિકાના માધ્યમથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જે-તે શિષ્યવૃત્તિની માહિતી સરળતાથી અને સમયસર ઉપલબ્ધ કરાવી શકશે તેમજ આર્થિક રીતે પછાત એવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે લાભાન્વિત કરાવી શકે તે જ આ શિષ્યવૃત્તિની માહિતી આપતી પુસ્તિકા પ્રકાશન કરવાનો મૂળભૂત આશય છે.

આ પુસ્તિકાના પ્રકાશનથી કે સંપાદનથી તેનો હેતુ સિદ્ધ થતો નથી પરંતુ આપ સૌના માર્ગદર્શન કે સહયોગ હેઠળ આ પુસ્તિકામાં રજૂ કરવામાં આવેલ કોઈ પણ શિષ્યવૃત્તિની માહિતીના આધારે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ લાભ લઈ ઉચ્ચશિક્ષણ મેળવી આગળ વધશે ત્યારે જ આ પુસ્તિકાનુ સંપાદન અને પ્રકાશનનો હેતુ સિદ્ધ થશે અને તે માટે આપ સૌ પૂરતા પ્રયત્નો કરશો તેવી અપેક્ષા છે.

શિક્ષણ વિભાગ સિવાયના જુદા જુદા વિભાગો હેઠળની કચેરીઓ દ્વારા આપવામાં આવતી શિષ્યવૃત્તિની માહિતી સંકલિત રૂપે એક જ ફોર્મેટમાં તૈયાર કરી પુસ્તિકા પ્રસિધ્ધ કરવી એ શ્રમસાધ્ય કાર્ય છે. અને તે એકબીજાના સહયોગ વિના શક્ય ન હતું, અમારા આ સેવા કાર્યમાં પ્રત્યક્ષ-અપ્રત્યક્ષ જે કોઈએ સહયોગ આપ્યો છે જેમણે ઉત્સાહિત કર્યા છે તે સર્વેનો તથા રાજ્ય પરીક્ષા બોર્ડની કચેરી, કમિશનરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, કમિશનરશ્રી આદિજાતિની કચેરી, નિયામકશ્રી વિકસતી જાતિની કચેરી તથા નિયામકશ્રી અનુસૂચિત જાતિની કચેરીઓના તમામ સ્ટાફના અમે આભારી છીએ. તેમના સહયોગ વિના આ પુસ્તિકાનું સંકલન, સંપાદન અને પ્રકાશન શક્ય ન હતું. વિશેષમાં આ પુસ્તિકામાં આપવામાં આવેલ શિષ્યવૃત્તિ, સરકારશ્રીના નીતિ-નિયમો, જાહેરનામાના આધારે વખતોવખત ફેરફારનો અવકાશ રહેલો છે. આથી દરેક શિષ્યવૃત્તિની માહિતીમાં દર્શાવેલ કચેરીના ફોનનંબર પરથી કે પત્રવ્યવહારથી વધુ માહિતીઓ મેળવી શકશે.

આ પુસ્તિકા અંગે આપના મંતવ્યો, સૂચનો કે માર્ગદર્શન ભવિષ્યના ઉપયોગ માટે આવકાર્ય છે.

**- સંપાદકો**